# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07/01/2026** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **વિકસિત ભારત- G RAM-G લોકોને વધુ રોજગારી, વધુ આવક અને વધુ આર્થિક સુરક્ષા આપશે, તેવો વિશ્વાસ વ્યક્ત કરતાં મુખ્યમંત્રી.**
2. **ગાંધીનગરમાં ટાઈફોઈડના રોગચાળાને ડામવા માટે આરોગ્ય તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે સર્વેની કામગીરી.**
3. **માદક પદાર્થના દૂષણને ડામવા ગુજરાત પોલીસ જંગ લડી રહી હોવાનું જણાવતાં નાયબ મુખ્યમંત્રી.**
4. **રાજકોટમાં જ્વેલર્સની દુકાનો પર તોલમાપ વિભાગની અચાનક તપાસમાં 12 વેપારીઓને ત્યાં ગેરરીતી.**
5. **સુરત ક્રાઇમ બ્રાંચે 69 લાખ કરતાં વધુની ઓનલાઇન છેતરપિંડી આચરનારા બેને ઝડપ્યાં.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM G RAMJI

રાજ્યના મુખ્યમંત્રી  ભૂપેન્દ્ર  પટેલે જણાવ્યું કે , વિકસીત ભારત **-G RAM-G** લોકોને વધુ રોજગારી, વધુ આવક અને વધુ આર્થિક સુરક્ષા આપશે.

પ્રદેશ ભાજપા કાર્યાલય કમલમ કોબા ગાધીનગર ખાતે રાજ્યના મુખ્યમંત્રી અને ભાજપ  પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ વિકસિત ભારત રોજગાર અને આજીવિકા મિશન(ગ્રામીણ) **VB-G RAM-G** અધિનિયમ, **2025** અંગે પત્રકાર પરિષદને સંબોધન કર્યું.

## બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી

---

# VBG-RAM-G REACTION

કેન્દ્ર સરકારના નવા વિકસિત ભારત 'જી-રામજી' કાયદાને દેશભરમાં આવકાર મળી રહ્યો છે. જૂની મનરેગા યોજનાની જગ્યાએ લવાયેલી આ નવી યોજના હેઠળ **100**ને બદલે **125** દિવસની રોજગારી મળશે.

આ અંગે નર્મદા જિલ્લાના સ્થાનિક જતીન વસાવાએ પ્રતિક્રિયા આપી.

## બાઇટ: જતીન વસાવા

---

# GANDHINGAR TYPHOID

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સેકટર-24,26 અને 28, આદિવાડા વિસ્તારમાં શંકાસ્પદ ટાઇફોઇડના કેસ મળતા સેકટર-24 તથા સેકટર-29ના અર્બન હેલ્થ સેન્ટરની ટીમો દ્વારા સર્વેલન્સની કામગીરી કરવામાં આવી રહી છે.

સર્વેલન્સની ટીમમાં ફિમેલ હેલ્થ વર્કર, મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર તથા આશાબહેનોની કુલ 85 ટીમ દ્વારા સર્વેની કામગીરી કરવામાં આવી રહેલ છે. આ સર્વેની કામગીરી દરમિયાન 11 નવા કેસ મળેલ છે, તેમજ 14 દર્દીઓને રજા આપવામાં આવેલ છે.

અત્યાર સુધીમાં કુલ 144 કેસો મળી આવેલ છે. જેમાંથી 59 દર્દીઓ ડીસ્ચાર્જ કરવામાં આવેલ છે. 85 દર્દીઓ હાલમાં સારવાર હેઠળ છે.

## બાઇટ- બાઇટ : જે.એન.વાઘેલા મ્યુનિસિપલ કમિશનર

---

# FOOD CHECKING

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા **152** જેટલા પાણીપુરીના વિક્રેતા અને ઉત્પાદકોનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં **90** જેટલા ઉત્પાદકો અને વિક્રેતાને નોટીસ આપવામાં આવી હતી. અને **544** કિલો અખાદ્ય જથ્થો, **428** લીટર પાણીપુરીનું પાણી અને ચટણી સહિતનો જથ્થો નાશ કરાયો હતો. કુલ **21** હજાર **200** જેટલો વહીવટી ચાર્જ પણ વસૂલ કરાયો હતો.

---

## SANGHAVI ABVP

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, ગુજરાત પોલીસ માદક પદાર્થના દુષણ સામે અભિયાન નહીં, જંગ લડી રહી છે.

આણંદના ત્રિભુવનદાસ પટેલ નગર ખાતે યોજાયેલા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ- **ABVP** ગુજરાતના **57**મા પ્રદેશ અધિવેશનમાં સંબોધન કરતાં શ્રી સંઘવીએ **2022**થી અત્યાર સુધી **75** પાકિસ્તાનીને જેલમાં બંધ કરવામાં સફળતા પ્રાપ્ત કરનાર રાજ્યની પોલીસને અભિનંદન આપ્યા.

**(બાઇટ : હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી)**

---

## RAJKOT GOLD MARKET RAID

રાજકોટમાં કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા ગ્રાહકોના હિતની રક્ષા કરવા અને વેપારમાં પારદર્શિતા જાળવવાના હેતુથી સોના-ચાંદીની દુકાનો અને જ્વેલરી શો-રૂમ પર વિશેષ આકસ્મિક તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

તપાસમાં અનેક એકમોમાં કાયદા મુજબ ફરજિયાત ચકાસણી અને મુદ્રાંકન વગર વજનકાંટાનો ઉપયોગ થતો હોવાનું જાણવા મળ્યું હતું. 12 પ્રોસિક્યુશન કેસ, 34 હજારની માંડવાળ વસૂલ આ કાર્યવાહીમાં રાજકોટના વિવિધ વેપારીઓ સામે 12 પ્રોસિક્યુશન કેસ નોંધવામાં આવ્યા હતા.

કાયદેસર કાર્યવાહી કરીને વેપારીઓ પાસેથી કુલ 34 હજાર જેટલી માંડવાળ ફી વસૂલવામાં આવી હતી.

---

# GNR SLCC MEEING

ગુજરાત રાજ્ય સ્તરીય વસ્તી ગણતરી સંકલન સમિતિની પ્રથમ બેઠક ગઇકાલે રાજ્યના મુખ્ય સચિવ મનોજ કુમાર દાસના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં S.L.C.C.C.ના સભ્યો હાજર રહ્યા હતા.

ગુજરાતના D.C.O. ડિરેક્ટર સુજલ જે. મયાત્રાએ 2027ની વસ્તી ગણતરી માટેની વ્યૂહરચના, વહીવટી સીમાઓનું ફ્રીઝિંગ, પ્રિ-ટેસ્ટના પરિણામ, તાલીમ માટેની તૈયારીઓ, વસ્તી ગણતરીના કર્મચારીઓની નિમણૂંક અને માનવબળ વગેરેને દર્શાવતું સંક્ષિપ્ત પ્રેઝન્ટેશન આપ્યું હતું.

વિવિધ વિભાગો સાથે H.L.O.ના સમયગાળા સહિતની પદ્ધતિઓ અને તૈયારીઓની પણ ચર્ચા કરવામાં આવી હતી.

---

# SURAT CYBER CRIME ARREST

સુરત શહેર સાઈબર ક્રાઇમ સેલે મોટી કાર્યવાહી હાથ ધરી હતી. ઓનલાઈન છેતરપિંડી કરતી ગેંગના બે સાગરિતોની ધરપકડ કરવામાં આવી હતી.

આ બંને આરોપીઓ 69 લાખ 76 હજાર રૂપિયાની ઓનલાઇન છેતરપિંડીમાં સંડોવાયેલા હતાં. બે આરોપીઓમાંથી એક મહિલા આરોપીને પણ ઝડપી લેવામાં આવી હતી. સાઈબર ક્રાઇમની ટીમે આ બંને આરોપીઓને અદાલત સમક્ષ રજૂ કરતાં તેમને કોર્ટે બન્ને આરોપીઓના 4 દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ કર્યા મંજૂર હતાં.

---

# BOARD EXAM - HELPLINE

બોર્ડની પરીક્ષાના ભયથી વિદ્યાર્થીઓ કોઈ ખોટું પગલું ન ભરે અને વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ આવે તે માટે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સારથી હેલ્પલાઇન શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત **9909922648** વ્હોટસએપ નંબર જાહેર કરવામાં આવ્યો છે.

આ નંબર દ્વારા વિદ્યાર્થીઓ કોઈપણ વિષયને લગતા પ્રશ્નો , કઇ રીતે તૈયારી કરવી, પરીક્ષા અંગેનો ડર વગેરે પ્રશ્નો આ નંબર પર મેસેજ મારફતે મોકલી શકશે. જેના માટે તમામ વિષયના નિષ્ણાત અને **60** જેટલા સાયકોલોજિસ્ટની ટીમ બનાવવામાં આવી છે.

---

# GUJ CET EXAM

ડિગ્રી અને ડિપ્લોમા એન્જિનિયરીંગ અને ફાર્મસીમાં પ્રવેશ મેળવવા માટે ધોરણ બાર વિજ્ઞાન પ્રવાહ બાદની ગુજકેટની આગામી પરીક્ષા 29મી માર્ચના રોજ યોજાનારી છે.

આ માટે અરજી કરવાની તારીખ છઠ્ઠી જાન્યુઆરી સુધી ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ દ્વારા લંબાવવામા આવી હતી. હવે એક હજાર રૂપિયાની લેઇટ ફી સાથે હવે અરજી કરવાની તારીખ 16મી જાન્યુઆરી સુધી લંબાવાઇ છે..

---

## BIS STHAPANA DIVAS

ગાંધીનગરમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી ખાતે ભારતીય માનક બ્યુરો, અમદાવાદ-BISના 79મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં "સ્વદેશી અને ગુણવત્તા ઉત્કૃષ્ટતાથી આત્મનિર્ભર ભારત" વિષય પર ગુણવત્તા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું.

આ પ્રસંગે મંત્રી રમણ સોલંકી  એ  કહ્યું કે, કોઈપણ ક્ષેત્રમાં પોતાનું સ્ટાન્ડર્ડ જાળવી રાખનારા હંમેશા આગળ જ વધ્યા છે.

---

## DANG GIRL SELECTED BCCI U-15 CRIKCET

ડાંગ જિલ્લાના આહવા  તાલુકાનાં ચિરાપાડા ગામની દિકરી ફ્રેની ચૌધરીની BCCIની અંડર-15  વુમન્સ ક્રિકેટ ટીમમાં ઓલ રાઉન્ડર તરીકે પસંદગી પામી, ગુજરાતની ટીમ વતી ઘરેલુ ક્રિકેટ સીઝન : વુમન્સ અંડર-૧૫ વન ડે ટ્રોફીમાં તેનું કૌવત ઝળકાવી રહી છે. સુરતના કામરેજમાં હેડ કોન્સ્ટેબલ તરીકે તેના પિતા ફરજ બજાવે છે.

---

## KOLVADA LAKE

ગાંધીનગરમાં કોલવડા તળાવનો પુનઃવિકાસ અમૃત 2.0 યોજના હેઠળ આઠ કરોડ 47 લાખના  ખર્ચે કરવામાં આવ્યો છે , જે એક સમયે ઉપેક્ષિત સ્થળને એક જીવંત ઇકો-ટુરિઝમ સ્થળમાં પરિવર્તિત કરે છે.

**આ પ્રોજેક્ટમાં એક વિશાળ જળાશય , 30 હજાર વૃક્ષો સાથે ગ્રીન ઝોન , મનોરંજન સુવિધાઓ અને એક ટ્રીટમેન્ટ પ્લાન્ટનો સમાવેશ થાય છે.**

---

## WEATHER

રાજ્યમાં ઠંડીનો વધુ એક રાઉન્ડ શરૂ થશે. તેવી હવામાન વિભાગે શક્યતા દર્શાવી છે. 12મી જાન્યુઆરી સુધી લઘુત્તમ તાપમાનમાં વધઘટ રહેશે તેવી પણ હવામાન વિભાગના વડા ડૉ.એ.કે. દાસે આગાહી કરી છે.

**બાઈટ : ડૉ.એ.કે.દાસ - નિયામક , હવામાન વિભાગ**

---